# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૨ તા.૧૮-૦૧-૨૦૨૫

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય : ‘શાળા સલામતી સપ્તાહ-૨૦૨૫’ ની ઉજવણી કરવા બાબત.

સંદર્ભ : જીએસડીએમએ/શાળા સલામતી સપ્તાહ /૪૬૫૩૬૧૪/૨૦૨૫ તા. ૧૭/૦૧/૨૦૨૫

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ (GSDMA) દ્વારા શાળાનાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓમાં આપત્તિ વ્યવસ્થાપન વિશે જાગૃતિ કેળવાય તે હેતુથી દર વર્ષે રાજ્યમાં ‘શાળા સલામતી સપ્તાહ’ની ઉજવણી કરવામાં આવે છે. ચાલુ વર્ષે ‘શાળા સલામતી સપ્તાહ-૨૦૨૫’ ની ઉજવણી તા.૨૦/૦૧/૨૦૨૫ થી તા.૨૫/૦૧/૨૦૨૫ દરમિયાન કરવામાં આવનાર છે. આ સપ્તાહ ઉજવણીના કાર્યક્રમનો શુભારંભ તા.૨૦/૦૧/૨૦૨૫ના રોજ માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ દ્વારા કરવામાં આવનાર છે જેનું સીધું પ્રસારણ કરવામાં આવશે.

આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં દર્શાવેલ સૂચિત આયોજન મુજબ તમામ મ્યુનિ. શાળામાં ‘શાળા સલામતી સપ્તાહ-૨૦૨૫’ની ઉજવણી કરવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૧૮-૦૧-૨૦૨૫

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

GSDMA

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ

બ્લોક નં.૧૧,૫મો માળ,ઉદ્યોગભવન,ગાંધીનગર-૩૮૨૦૧૭

ટે.નં.: -૦૭૯- ૨૩૨૫૯૨૭૮,૨૩૨૫૯૨૪૬

ફેક્સ: -૦૭૯- ૨૩૨૫૯૨૭૫

જીએસડીએમએ/શાળા સલામતી સપ્તાહ/465364/૨૦૨૫

તા. ૧૭/૦૧/૨૦૨૫

પ્રતિ

(૧) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી....તમામ

(૨) કલેકટરશ્રી....તમામ

(3) જીલ્લા વિકાસ અધિકારીશ્રી....તમામ

**વિષય: 'શાળા સલામતી સપ્તાહ-૨૦૨૫' ની ઉજવણી કરવા બાબત.**

માન. સાહેબશ્રી,

ગુજરાત રાજ્યમાં બહુવિધ આપત્તિઓનું જોખમ રહેલું છે. જેમાં મુખ્યત્વે ભૂકંપ, વાવાઝોડું, પૂર, ઔદ્યોગિક અકસ્માત, આગ અકસ્માત ઇત્યાદિનો સમાવેશ થાય છે. ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (GSDMA) દ્વારા શાળાનાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓમા આપત્તિ વ્યવસ્થાપન વિશે જાગૃતિ કેળવાય તે હેતુથી દર વર્ષે રાજ્યમાં 'શાળા સલામતી સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવે છે.

શાળા સલામતી કાર્યક્રમ અંતર્ગત શાળાના શિક્ષકશ્રીઓને સંભવિત આપત્તિઓ સામે શાળા કક્ષાએ કેવા પ્રકારના સાવચેતી/સલામતીનાં પગલા લેવા જોઈએ તે બાબતે તાલીમબદ્ધ કરવામાં આવેલ છે તેમજ આપત્તિ વ્યવસ્થાપન વિષયક માહિતીપ્રદ વિવિધ ૧૫ પ્રકારના ચાર્ટ્સનું વિતરણ પણ કરવામાં આવેલ છે.

GSDMA દ્વારા વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓમા આપત્તિ સામે સાવચેતી અને સલામતી વિષે વિશેષ માર્ગદર્શન મળી રહે તે માટે શિક્ષણ વિભાગના પરામર્શમાં રહી **તા. ૨૦/૦૧/૨૦૨૫ થી ૨૫/૦૧/૨૦૨૫ દરમિયાન રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમા 'શાળા સલામતી સપ્તાહ-૨૦૨૫'ની ઉજવણીનું આયોજન આ સાથે સામેલ સૂચિત શીડ્યુલ મુજબ કરવામાં આવેલ છે.** જેમાં સપ્તાહ ઉજવણીના પ્રથમ દિવસે (તા.૨૦/૦૧/૨૦૨૫) ના રોજ માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા કાર્યક્રમનો શુભારંભ કરાવવામાં આવશે જેનું સીધું પ્રસારણ કરવામાં આવશે.

શાળા સલામતી સપ્તાહ ઉજવણી દરમિયાન જીલ્લા તથા મહાનગરપાલિકાની ઓછામાં ઓછી ૪૦-૫૦ શાળાઓમાં મેગા ઇવેન્ટ જેવી કે, ફાયર ફાયટીંગ ડેમોન્સ્ટ્રેશન, NDRF/SDRFનું રેસ્ક્યુ નિદર્શન, ૧૦૮/ઇન્ડિયન રેડક્રોસ દ્વારા પ્રાથમિક સારવારની તાલીમ, ISR દ્વારા ભૂકંપ વિષયક પ્રેઝન્ટેશન, રોડ

Scanned with OKEN Scanner

સેફટી,ઓદ્યોગિક એકમોના સેફટી અને ફાયર વિભાગ, IEC એક્ઝીબીશન ઈત્યાદીનો સમાવેશ કરવાનો થાય છે. આ સિવાય બાકીની તમામ શાળાઓમાં સૂચિત શીડ્યુલ મુજબ પ્રવૃત્તિઓ થાય તે બાબત સુનિશ્ચિત કરવા વિનંતી છે.

શાળા સલામતી સપ્તાહની ઉજવણી પહેલા દરેક શાળાનો 'શાળા આપત્તિ વ્યવસ્થાપન યોજના' (SDMP) તૈયાર કરવામાં આવે અને તે સબબનું પ્રમાણપત્ર જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રીશાસનાધીકરીશ્રીની સહીથી અત્રેને તારીખ ૩૧/૦૧/૨૦૨૫ સુધીમાં મળી રહે તે અંગે જરૂરી સુચના અપાઈ જવા વિનંતી.

સબબ, આપના જીલ્લા/મહાનગરપાલિકા વિસ્તારમાં 'શાળા સલામતી સપ્તાહ-૨૦૨૫'નું સુચારુ આયોજન થાય તે માટે સબંધિત અધિકારીશ્રીને જરૂરી સૂચના આપવા વિનંતી છે.

નિયામક

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ

<u>નકલ રવાના: -</u>

૧. પીએ ટુ અગ્ર સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, માન. અગ્ર સચિવશ્રીના ધ્યાને મુકવા સારું

૨. પીએ ટુ સીઈઓ...માન. સીઈઓશ્રીના ધ્યાને મુકવા સારૂ

૩. પીએ ટુ એસીઈઓ...માન. એસીઈઓશ્રીના ધ્યાને મુકવા સારૂ

૪. નિયામકશ્રી- GSDMA

૫. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં. ૧૨, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
તરફ...તાબાના અધિકારીશ્રીને જરૂરી સૂચના આપવા સારૂ

૬. જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જીલ્લા પંચાયત કચેરી..તમામ..જરૂરી કાર્યવાહી કરવા સારૂ

૭. શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા...તમામ... જરૂરી કાર્યવાહી કરવા સારૂ

૮. જીલ્લા પ્રોજેક્ટ ઓફિસરશ્રી...તમામ...જરૂરી કાર્યવાહી કરવા સારૂ

૯. પ્રોજેક્ટ ઓફિસરશ્રી, મહાનગરપાલિકા...તમામ... જરૂરી કાર્યવાહી કરવા સારૂ

Scanned with OKEN Scanner

| શાળા સલામતી સપ્તાહ-૨૦૨૫નું સૂચિત આયોજન | | | |
|---|---|---|---|
| ક્રમ | તારીખ | કાર્યક્રમની વિગત | રિમાર્ક્સ |
| ૧ | ૨૦/૦૧/૨૦૨૫<br>પ્રથમ દિવસ | કાર્યક્રમનું ઉદઘાટન (વર્ચ્યુઅલ), આપત્તિઓની પ્રાથમિક સમજ, શાળા સલામતીની આવશ્યકતા | |
| ૨ | ૨૧/૦૧/૨૦૨૫<br>બીજો દિવસ | સંભવિત હેઝાર્ડની ચાર્ટ / પોસ્ટર, IEC,ઓડિયો / વિડીયોનાં માધ્યમથી સમજ આપવી. | DPO/શાળા |
| 3 | ૨૨/૦૧/૨૦૨૫<br>ત્રીજો દિવસ | આગ, અકસ્માત, ભૂકંપ, પૂર ઈત્યાદિની સમજ | ફાયર બ્રિગેડ, આપદામિત્ર |
| ૪ | ૨૩/૦૧/૨૦૨૫<br>ચોથો દિવસ | ચિત્ર, નિબંધ, વકતૃત્વ, સ્પર્ધાઓ | શાળા કક્ષાએ |
| ૫ | ૨૪/૦૧/૨૦૨૫<br>પાંચમો દિવસ | શોધ અને બચાવ/પ્રાથમિક સારવાર અંગેની માહિતી | ૧૦૮ એમ્બ્યુલન્સ, NDRF, SDRF, ફાયર બ્રિગેડ |
| ૬ | ૨૫/૦૧/૨૦૨૫<br>છઠ્ઠો દિવસ | ડેમોસ્ટ્રેશન/મોકડ્રીલ, ઈનામ વિતરણ | NDRF, SDRF, ફાયર બ્રિગેડ |